**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૭ ટકા

## બ્રહ્માકુમારી ખાતે ધારાસભ્યના જન્મદિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલને જન્મ દિવસ નિમિત્તે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, સેક્ટર.૨૮ ખાતે પ્રભારી રાજયોગિની કૈલાશ દીદીજી, ચિલોડા સેવાકેન્દ્ર પ્રભારી બી.કે.તારાબેન, ઉર્જાનગર-૧ સેવાકેન્દ્ર પ્રભારી બી.કે.રંજનબેન, સેક્ટર-૨, ગાંધીનગર સેવાકેન્દ્ર પ્રભારી ભાવનાબેન તથા અન્ય બ્રહમાકુમારી ટીચર બહેનોએ મળીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કેક કાપી તેમના ચિરંજીવ પુત્રને પરમ પિતા પરમાત્મા શિવબાબાના વરદાન અને શકિત સંપન્ન રાખડી બાંધવામાં આવી હતી. યાદગાર રૂપ ભેટ-સૌગાત પણ અર્પણ કરવામાં આવેલ તથા દેવતાઓને પણ દુર્લભ એવુ બ્રહ્મભોજન ખૂબ જ પ્રેમથી સ્વીકાર કર્યો હતો.

## બાપુ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ




ગાંધીનગર, તા.૨૩

આઝાદીના અમૃત મહોત્સવ અને મેરી મિટ્ટી મેરા દેશ અભિયાન અંતર્ગત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ દ્વારા બાપુ કેમ્પસ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના પ્રિન્સિપાલ ડો.રાજપ્રિયા પટેલ, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર રશ્મિકા પટેલ અને અન્ય સ્ટાફ મેમ્બર્સ પણ હાજર રહયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને વૃક્ષોના મહત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી અને વૃક્ષોના જતન વિશે ધ્યાન આપવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા ફ્લાવર ડેની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા ફલાવર ડે ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને વિવિધ ફૂલોના ઉપયોગ અને રંગની જાણકારી આપવામાં આવી હતી.

## બીએપીએસના વાવોલ મંડળ અને સેક્ટર-૨૩ દ્વારા પારાયણ યોજાઈ



ગાંધીનગર, તા.૨૩

આજના મોબાઈલ યુગમાં યુવા પેઢીનો સર્વાંગી વિકાસ કરતી બીએપીએસ સંસ્થાના વાવોલ મંડળ અને સેક્ટર-૨૩ ની યુવતીઓ અને બાલિકાઓ દ્વારા યુવતી પારાયણનું આયોજન સંસ્કાર ધામ ખાતે કરવામાં આવેલ. જેમાં ગુરુ હરીશ્રી મહંત સ્વામી મહારાજે લખેલા "સત્સંગ દીક્ષા" ગ્રંથ ઉપર વક્તવ્ય, નૃત્ય, ગરબા, સંવાદ જેવા કાર્યક્રમો બાલિકાઓ અને યુવતીઓએ રજૂ કરેલ. આધ્યાત્મિક પ્રેરણાઓ આપતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાલિકાઓ- યુવતીઓ હાજર રહેલ.સંત માતા જયાબેને કોઈપણ પ્રકારના કુસંગથી દૂર રહેવાનો સંદેશ આપ્યો હતો. યુવતી નિર્દેશક નીલમબેન ચટોપાધ્યાયના માર્ગદર્શન નીચે કાર્યકરો હેતલબેન, અંકિતાબેન અને જયશ્રીબેને પારાયણનું સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરિચર્સ ઈન્સ્ટી. ખાતે સેમિનાર



ગાંધીનગર, તા. ૨૩

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરિચર્સ ઈન્સ્ટીટ્યૂટ, અડાલજ ખાતે તા. ૨૨-૮-૨૦૨૩ના રોજ એક દિવસીય નેશનલ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 'Gene Delivery Sy-tem Approaches for the Treatment of Cancer' વિષય પર યોજાયેલા આ સેમીનારમાં ગુજરાતના અલગ અલગ ૨૧ ફાર્મસી કોલેજોમાંથી કુલ ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ડૉ. ફેન્કી શાહ, ડૉ. વિરલ શાહ તથા ડૉ. અમૃતલાલ પટેલે Latest research topics of Gane delivery, Lipotection concert for Liposome અને viral vectors of gene Delivery પર વક્તવ્ય આપ્યા હતા.

ત્યારબાદ યોજાયેલ poster competition માં UG તથા PG ના વિદ્યાર્થીઓ તથા faculty દ્વારા કુ ૪૧ poster present કરવામાં આવ્યા હતા અને વિનર્સને પ્રાઈઝ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ ઈવેન્ટમાં shri Vdeh khare, IAS mission director, GSBTM ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## બીટકોઈન અને ક્રિપ્ટો કરન્સી વિષય પર પુસ્તક પ્રકાશિત કરાયું

ગાંધીનગર, તા.૨૩

શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ કલોલ ગાંધીનગર સંચાલિત સ્વામિનારાયણ યુનિવર્સિટી ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ ના ડીન અને એસોસિયેટ પ્રોફેસર ડો.વિજયકુમાર ગઢવી દ્વારા બીટકોઈન અને ક્રિપ્ટો કરન્સી વિષય પર બુક પબ્લિશ કરવામાં આવી છે પ્રોફેસર ગઢવી છેલ્લા ૧૮ વર્ષથી ટેકનીકલ એજ્યુકેશન સાથે સંકળાયેલા છે તેમજ નામાંકિક સંસ્થાઓ અને કંપનીઓ સાથે મળી અને રિસર્ચ નો બહોળો અનુભવ ધરાવે છે આ સાથે આજના આધુનિક યુગમાં જ્યારે આપણે એડવાન્સ ટેકનોલોજી ક્ષેત્રે આગળ વધી રહ્યા છીએ તે જોતા બીટ કોઈન અને ક્રિપ્ટો કરન્સી જેવા વિષય પર ડો.ગઢવી દ્વારા કરવામાં આવેલ રિસર્ચ દ્વારા યુવાનોને યોગ્ય માર્ગદર્શન તેમજ પ્રેરણા મળી રહેશે આ સાથે દેશ કી આવાજ ટીમ દ્વારા ડો વિજયકુમાર ગઢવીને ખૂબ ખૂબ શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવવામાં આવે છે.

## આજે શિવ મહિમ્ન પાઠ

શ્રાવણ માસ નિમિત્તે મુકેશભાઈ દવે, સે. ૨૮ના નિવાસ સ્થાનો શિવ મહિમ્ન પાઠનું આયોજન કરાયું છે. જેનો ભાવિક ભક્તોને લાભ લેવા જણાવાયું છે.

## જન્મદિને વધામણી



ડો. સંજીવ શાહ
(સિનિયર ડેન્ટીસ્ટ)
મો. ૯૮૨૪૦ ૧૩૭૬૪



જ્યોત્સનાબેન ઝવેરી
(નિવૃત્ત નાયબ ભાષા નિયામક)
મો. ૯૯૦૪૩ ૮૦૧૭૩



ડો.જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮



જાડેજા દિવ્યરાજસિંહ
મો. ૯૬૨૪૬ ૨૧૪૧૬



રાજેશ્રીબેન હેમેન્દ્ર ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫



મધુકર એફ પરમાર
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



ગાર્ગી પસારી ઠક્કર
મો. ૯૬૨૪૦ ૩૪૩૫૩



પટેલ રિતેષ વિષ્ણુભાઈ



ઉષાકાન્ત વસાવડા
સ્વાતિ વસાવડા



કૈરન્સ ડાભી
મો. ૮૯૮૦૯ ૨૪૨૧૦



પરેશ દવે
મો. ૯૮૨૪૦ ૨૪૭૧૮



ધ્વનિ રાણા

# રામેશ્વરમ મંદિર ભારતીય નિર્માણ કલા અને શિલ્પકલાનો ઉત્કૃષ્ઠ નમૂનો

હિન્દૂઓના પવિત્ર માસ એવા શ્રાવણ મહિનામાં દેવાના દેવ મહાદેવને શ્રદ્ધાપૂર્ણ રીતે પૂજવામાં આવે છે.મહાદેવ આદિ દેવ છે તે અજન્મા અનંત છે.તેમના વિશે જેટલું જાણીએ એટલું ઓછું છે. રામેશ્વરમ જ્યોતિર્લિંગ તામિલનાડુના રામનાથપુર જિલ્લામાં આવેલું છે.આ તીર્થ હિંદુઓના મહત્વના તીર્થધામોમાંનું એક છે.ચારધામની યાત્રામાં એક ધામ રામેશ્વરમ છે એને રામનાથસ્વામી મંદિર પણ કહેવામાં આવે છે.રામેશ્વરમ જ્યોતિર્લિંગ ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગોમાંથી એક છે.રામેશ્વર મંદિર એક તરફ હિંદ મહાસાગર અને બીજી બાજુ બંગાળની ખાડી હોવાથી આ સ્થળનું સૌદર્ય પણ આકર્ષક છે.રામેશ્વરના મુખ્ય મંદિરનું આખું નામ અરૂલમિગુ રામનાથસ્વામી મંદિર છે જે ટુંકમાં રામનાથસ્વામી મંદિર તરીકે ઓળખાય છે.બારમી સદીમાં બંધાયેલા આ મંદિરમાં અનેક વખત સુધારા વધારા કરવામાં આવ્યાં.અંદાજે પચાસ હજારની વસ્તી ધરાવતા રામેશ્વરમ ગામ માટે રામનાથસ્વામી મંદિર જીવન નિર્વાહનો મુખ્ય સ્રોત છે.

અત્યંત પૌરાણિક આ મંદિરની ઈ.સ.૧૪૧૪માં પુનઃરચના કરવામાં આવી હતી. રામેશ્વરમ મંદિરની અંદર ૧૨૧૨ પિલર આવેલા છે તેમજ મંદિરનો વિસ્તાર બહુ મોટો છે. એક અંદાજ પ્રમાણે મંદિરનો વિસ્તાર પંદર એકર છે. રામેશ્વરમ મંદિરની અંદર બાવીસ કુંડ છે જેમાં પવિત્ર પાણી છે.એમાં સ્નાન કર્યા બાદ શિવલિંગનાં દર્શન કરવાં અત્યંત શુભ માનવામાં આવે છે.મંદિરના બાવીસ કુંડમાંથી સૌથી પવિત્ર કુંડ અગ્નિર્તીથમ કુંડ છે જેમાં યજ્ઞ કરતા પહેલાં ભગવાન શ્રીરામે અહીં સ્નાન કર્યું હતું. આ મંદિર દાયકાઓ અગાઉ માત્ર ચાર દીવાલો અને છતની સાથે ઊભું હતું પરંતુ બારમી સદી બાદ આ મંદિરનું વિસ્તરણ હાથ ધરવામાં આવ્યું હતું. ભારતમાં જેટલાં પણ મંદિરો આવેલાં છે એના કરતાં સૌથી લાંબો કૉરિડોર આ મંદિર ધરાવે છે.

શ્રી રામેશ્વરમ્ જ્યોર્તિલિંગની કથા : રામેશ્વરમ જ્યોતિર્લિંગ સ્થાપિત કરવા સબંધી પૌરાણિક ઘટના એવી છે કે ભગવાન શ્રી રામે પોતાની પત્ની દેવીસીતાને રાક્ષસરાજ રાવણની કેદથી મુક્ત કરવા માટે જે સમયે લંકા પર ચડાઈ કરી હતી એ સમયે યુદ્ધ પહેલાં વિજયનો આશીર્વાદ મેળવવા અને સેતુબંધ બાંધતાં પહેલાં આ સ્થાન પર શિવલિંગની સ્થાપના કરવાનું નક્કી કર્યું પરંતુ શિવલિંગ ક્યાંથી લાવવું? ભગવાન શિવનું રહેઠાણ કૈલાશ છે અને ત્યાં જઈ ભગવાન શિવજીનું શિવલિંગ લાવવા હનુમાનજીને જવાબદારી સોંપવામાં આવે છે.આ કાર્ય માટે ઉત્સાહમાં આવી હનુમાનજી દોડ્યા ખરા પણ ઉતાવળમાં તેમને પુરૂ સાંભળ્યું નહી અને તેઓ એમ સમજ્યા કે ભગવાન શ્રીરામે કહ્યું છે કે ભગવાન શિવજી પાસેથી શિવલિંગ લઈ આવો..!

હનુમાનજી કૈલાશમાં આવે છે પણ ક્યાંય શિવજી દેખાતા નથી.એમના મનમાં એ વાત ઘુસી ગઈ હતી કે પ્રત્યક્ષ શિવજીના હાથે આપેલું શિવલિંગ લઈ જવાનું છે.હનુમાને ભગવાન શિવને પ્રસન્ન કરવા તપશ્ચર્યા કરી અને તેમના કર્મયોગથી ભગવાન શિવે તેમને દર્શન આપ્યા ત્યારે હનુમાનજીએ કહ્યું કે બીજી બધી વાત પછી પહેલાં મને એક શિવલિંગ આપો અને ભગવાન શિવે પ્રસન્ન થઈ પોતાના હાથે શિવલિંગ આપ્યું.આ તરફ હનુમાનજીની બેચૈનીથી રાહ જોવાતી હતી.નિશ્ચિંત કરેલું મુહુર્ત વીતી રહ્યું હતુ.બધા જ ચિંતામગ્ન હતા તે સમયે ઋષિઓએ આવીને કહ્યું કે પ્રભુ ! જગતજનની સીતામાતા રેતીમાંથી શિવલિંગ તૈયાર કરશે તો તેમાં પ્રચંડ શક્તિ આવીને વસી શકે છે.

જગત્માતા સીતાજીએ રેતીથી શિવલિંગ બનાવી ભગવાન શિવની પૂજા કરી હતી એ સમયથી આ જ્યોતિર્લિંગ હંમેશાં માટે અહીં સ્થાપિત થઈ ગયું તેના ઉપર પ્રભુ રામચંદ્રજી ફુલ ચઢાવવા જાય છે તે સમયે હનુમાનજી શિવજીએ પોતાના હાથે આપેલું શિવલિંગ લઈને ત્યાં આવી જાય છે.તેમને આવીને જોયું તો બીજા શિવલિંગની સ્થાપના થઈ ગઈ છે.હનુમાનજીનો ઉત્સાહ ઓસરી જાય છે.તેમને ઘણું જ દુઃખ થાય છે.તે સમયે ભગવાન શ્રીરામે હનુમાનજીને આલિંગનમાં લઈને કહ્યું કે હનુમાનજી ! તમે મહાન કતૃત્વશાળી છો,તમે શ્રદ્ધા અને ભક્તિથી ભગવાન શિવ પાસેથી શિવલિંગ મેળવ્યું છે તો તેની સ્થાપના તમારા હાથે જ થશે.

અહીં બે શિવલિંગ છે.એક હનુમાનજીએ સ્થાપેલું અને બીજું સીતામાતાએ સ્થાપેલું.સીતાજીએ તૈયાર કરેલ શિવલિંગની જ્યાં પ્રતિષ્ઠા કરી તેનું નામ રામેશ્વર અને હનુમાનજી ભગવાન શિવજી પાસેથી જે શિવલિંગ લાવ્યા હતા તે હનુમાનના કર્તૃત્વ પુરૂષાર્થ શ્રદ્ધા ભક્તિનું અજોડ ઉદાહરણ હતું તેનું નામ હનુમતીશ્વર રાખ્યું.

ભગવાન રામે હનુમાનને વરદાન આપ્યું હતું કે પ્રથમ હનુમાન દ્વારા લાવવામાં આવેલા શિવલિંગનાં દર્શન કર્યા બાદ જ સીતામાતા દ્વારા સ્થાપિત કરવામાં આવેલા શિવલિંગની પૂજા થશે.એ પરંપરા આજે પણ ચાલી આવે છે.રામેશ્વરમાં હનુમાન મંદિર છે જ્યાં તરતો પથ્થર આજે પણ દર્શન માટે રાખવામાં આવેલો છે.

શિવપુરાણ પ્રમાણે અહીં શ્રીરામએ લંકા પર ચડાઈ કરતાં પહેલા એક પથ્થરના પુલનું નિર્માણ કરાવ્યું હતું જેના પર ચાલીને વાનરસેના લંકા પહોંચી હતી ત્યારબાદ શ્રીરામે વિભિષણની વિંનતી બાદ ધનુષકોટિ નામના સ્થળે આ સેતુ તોડી નાંખ્યો હતો.આજે પણ જોવાથી રામસેતુનો કેટલોક ભાગ જોઈ શકાય છે.રામસેતુની વાત કરીએ તો આ સેતુ ધનુષકોડીથી લઈને શ્રીલંકામાં આવેલા મન્નાર ટાપુ સુધીના ૩૦ કિલોમીટરના વિસ્તારમાં બાંધવામાં આવેલો છે.આ ૩૦ કિલોમીટરના પાણીનો વિસ્તાર અગાઉ છીછરો હતો. અહીંના પાણીનું ઊંડાણ ત્રણથી ત્રીસ ફીટનું હતું. તેમ જ વચ્ચે-વચ્ચે થોડી રેતાળ જમીન પણ હતી. એથી પહેલાં લોકો ચાલીને આ અંતર કાપી શકતા હતા પરંતુ ૧૪મી સદીમાં આવેલા વિનાશક પૂરના લીધે આ પુલ પાણીની અંદર જતો રહ્યો છે પરંતુ હજીયે અવકાશમાંથી લેવાતી તસવીરમાં આ પુલ દેખાય છે. વિદેશીઓ આ બ્રિજને એડમ બ્રિજ તરીકે ઓળખાવે છે. રામસેતુનો ઉલ્લેખ રામાયણ ગ્રંથ ઉપરાંત અનેક



શાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે. આ પુલના લીધે આ સ્થાન પરથી વહાણો પસાર થઈ શકતાં નથી એથી એને તોડી પાડવા માટે પણ ઘણા લોકોએ સૂચવ્યું હતું.

દક્ષિણ ભારતના મંદિરો તેની સ્થાપત્યકળા અને બાંધણી માટે વિખ્યાત છે.તેમાં પણ રામેશ્વરમનું રામનાથસ્વામી મંદિર તો ભારતીય નિર્માણ કલા અને શિલ્પકલાનું એક સુંદર નમૂનો છે. રામનાથસ્વામી મંદિરનું પૂર્વીય ગોપુરમ્ ૧૭૩ ફૂટ ઊંચું છે.મદિરની અંદર ઘણા બધા વિશાળ થાંભલાઓ છે જે દેખાવે તો એક જેવા લાગે છે પરંતુ નજીક જઈને ઝીણવટપૂર્વક જોઈએ તો ખબર પડશે કે દરેક થાંભલામાં જુદીજુદી કારીગરી જેવા મળે છે.

આ ઉપરાંત રામેશ્વરમમાં આવેલો ટીવીનો ટાવર દેશમાંનો સૌથી ઊંચો ટાવર છે.આ ટાવર ૩૨૩ મીટર ઊંચો છે.રામેશ્વરમ શહેર આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામનું હોમટાઉન છે, જ્યાં તેમનું ઘર અને સ્કૂલ આવેલી છે જે તમને ધનુષકોડી જતાં રસ્તામાં જોવા મળશે. વિમાન માર્ગે આવવામાં મદુરાઈનું એરપોર્ટ સૌથી નજીક પડે છે તો ટ્રેન માર્ગ માટે પણ મદુરાઈ રેલવે સ્ટેશન જ સૌથી નજીક છે.વાયા ચેન્નઈ થઈને આવવા માગતા પ્રવાસીઓ ચેન્નઈથી મંડપમ રેલવે સર્વિસનો ઉપયોગ કરી શકે છે જે રામેશ્વરમની એકદમ નજીક છે.